અગત્યનું

ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૨૩૯-૭૪
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૧૩/૧૧/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજ્ય

**વિષયઃ- આગામી માર્ચ-૨૦૧૯માં લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓમાં ઉપસ્થિત રહેનાર વિદ્યાર્થીઓના વાલીઓને માર્ગદર્શન આપવા માટે પત્ર લખવા બાબત.**

શ્રીમાન,

આપ જાણો છો કે, માર્ચ-૨૦૧૯માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓ યોજાનાર છે. વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહથી અને પ્રફુલ્લિત મનથી પરીક્ષામાં ભાગ લઇ શકે તે માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલી/માતા પિતાને માર્ગદર્શન આપતો પત્ર તેઓ જે શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાના આચાર્યશ્રી તરફથી લખવામાં આવે તે માટેના પત્રનો મુસદ્દો આ સાથે સામેલ છે. આપના તરફથી દરેક શાળાના આચાર્યશ્રીઓને પત્ર લખી, સામેલ મુસદ્દા મુજબનો પત્ર દરેક વિદ્યાર્થીના વાલી/માતા પિતાને પરીક્ષા અગાઉ ડીસેમ્બર-૨૦૧૮માં લખવામાં આવે તે મુજબ આપની કચેરીએથી જરૂરી આયોજન હાથ ધરવા વિનંતી છે. તમામ શાળાઓ દ્વારા સૂચનાનું ચૂસ્ત પણે પાલન થાય તે માટે જરૂરી પૂર્તતા અહેવાલ મેળવી લેવા વિનંતી છે.

(સહી)
(એ. જે. શાહ)
અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

---

ક્રમાંક /મા.શિ-૭/૨૦૧૮/૧૧૦૧૯-૫૨૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૬-૧૧-૨૦૧૮

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

નકલ રવાના જાણ તથા અમલ સારૂ

પ્રતિ,
આચાર્યશ્રી,
[illegible]

શાળાનું નામ : ______________________

શહેર : ______________________

તાલુકો : ______________________

જિલ્લો : ______________________

તારીખ : ____________________

પ્રતિ,

(વાલીનું નામ)

સુજ્ઞ મહાશય,

આપ જાણો છો કે, આગામી દિવસોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષામાં આપના પાલ્ય પણ ઉપસ્થિત રહેનાર છે અને આપ સૌ સ્વાભાવિક રીતે આ પરીક્ષા બાબતે ચિંતિત પણ હશો જ.

આ પરીક્ષા એ જીવનનો એક પડાવ છે, સમગ્ર જીવન નથી. તે બાબત ધ્યાને રાખી આપશ્રી સમક્ષ કેટલીક વાતો રજૂ કરવી છે. આપણે સૌએ એ યાદ રાખવાનું છે કે, ઇશ્વરે તમામ બાળકોને એક સરખી બુદ્ધિ કે સંવેદનતંત્ર આપેલ નથી. દરેક વિદ્યાર્થીની રુચિ અને અભિરુચિ અલગ-અલગ પ્રકારે વ્યક્ત થતી જોવા મળે છે અને વિદ્યાર્થીને પોતાની અભિરુચિ મુજબ જો ભણવાનું મળે તો ચોક્કસ એ ખૂબ જ ઉત્સાહથી અને પ્રફુલ્લિત મનથી પરીક્ષામાં ભાગ લઇ શકે છે. આપણે સૌએ એ જાણવું જરૂરી છે કે, બાળકમાં કલા પ્રત્યે કે સંગીત પ્રત્યે કુદરતી લગાવ છે એવા બાળકને ગણિત કે ભૂમિતિના દાખલા પરાણે શીખવવામાં કોઇ શાણપણ નથી. જે બાળક સ્વાભાવિક રીતે ગીત-સંગીત જેવા વિષયમાં રસ ધરાવે છે તેના માટે ઇતિહાસ કે સાહિત્યની બાબતો નકામી છે. જે બાળક રમતવીર તરીકે રુચિ ધરાવે છે તેના માટે ફીઝીકલ ફીટનેસ મહત્વની છે, નહિ કે ફીઝીક્સ વિષય. તમારું બાળક તેને સોંપવામાં આવેલ વિષયોમાં માર્ક્સ મેળવે તો તે બરાબર છે, પરંતુ એ એવું ન કરી શકે તો તેનો આત્મવિશ્વાસ અને તેનું ગૌરવ ન ઝંખવાય તે રીતે તેને હૂંફ આપવી જરૂરી છે. આપના તરફથી આપના પાલ્યને એટલું જીવન શિક્ષણ અવશ્ય આપશો કે શાળાકીય શિક્ષણ એ વિશાળ જિંદગીનો એક નાનકડો હિસ્સો માત્ર છે, જેના આધારે સમગ્ર જિંદગીનું મૂલ્યાંકન થઇ શક્તું નથી. દુનિયામાં ઘણાં મહાન માણસો અને મહાન પુરુષો થઇ ગયેલ છે જે શાળાકીય શિક્ષણમાં સામાન્ય કે સરેરાશ પ્રતિભા ધરાવતા હોય પરંતુ એમણે પોતાની જાતને અને જગતને ખૂબ જ ઉચ્ચ સ્થાને પહોચાડવામાં સફળતા મેળવેલ છે. આપણે એવું ન માનવું જોઇએ કે અમુક વ્યવસાય જેવા કે ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, આઇ.એ.એસ. કે આઇ.આઇ.ટી.ના વિદ્યાર્થીઓ જ સુખી જીવન જીવી શકે છે. પરંતુ તે સિવાયનાં ક્ષેત્રો જેવા કે કલા, સંગીત, અભિનય, સમાજસેવા, પત્રકારત્વ, રમતજગત - આ બધા ક્ષેત્રોમાં વિદ્યાર્થીને મોકળા મને એની પ્રતિભા ખીલવવાની એટલી જ વિશાળ તકો છે અને વ્યક્તિ ધારે તો આ ક્ષેત્રોમાં પણ પોતાનું સ્થાન અંકિત કરી જગતમાં નામના અને સંપત્તિ મેળવી શકે છે. પરીક્ષાઓને પોતાની રીતે ડરનું માધ્યમ બનાવ્યા વગર વિદ્યાર્થીને હૂંફ તેમજ સહકારથી પરીક્ષાઓ આપી શકે તે માટે એક વાલી તરીકે, માતાપિતા તરીકે કે સંબંધી તરીકે આપણે સૌ વિદ્યાર્થીના મનગમતા વિષયમાં મદદરૂપ થઇ તેને પ્રફુલ્લિત વાતાવરણમાં પરીક્ષા આપી શકે એ માટે જરૂરી સહાયરૂપ થવા પ્રયત્નશીલ રહીએ અને તે દ્વારા સમાજ ઘડતરમાં અને વ્યક્તિગત ઘડતરમાં મદદરૂપ થઇએ એવી અભિલાષા વ્યક્ત કરું છું. આ તબક્કે આગામી પરીક્ષાઓમાં આપના સંતાન કે પાલ્ય ખૂબ જ યશ અને કીર્તિ મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો વિશ્વાસુ,

આચાર્ય

______________________ સ્કૂલ.